શ્રી ગણેશાયનમ:

ડોથલ પદમણી નાટકનાં

ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીઠલદાસ હેમજીભાઈ ભાવનગરવાળા

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક.

ઠે. બંદરરોડ પારસી થીએટર. મુ. કરાંચી.

ધી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ ભીખાભાઈ છગનલાલે
છાપ્યાં. ઠે. રતનપોળમાં મરચીપોળ—અમદાવાદ.

આવૃતી ૪ થી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩   સને ૧૯૧૭

કીંમત ૦-૨-૦

ચારૂતરનું અમૃતબિંદુ.

(અસલ માલ સરકારી રજીસ્ટર્ડ નં. ૮૪૧-૧૦ વાળો)

સઘળા પ્રકારનો શરીરનો દુખાવો, લકવા, સંધીવા, સુળ, ચુંક, ઉલટી, ઝાડો, મરડો, કોલેરા, અરૂચી, અજીર્ણ ખાંસી, દમ, સળેખમ, સરદી, માથાનો દુખાવો, દાંત કે દાઢનુ કળતર, અવાળુનો દુખાવો, મોંમાંથી દુર્ગંધ છુટવી, મળચ આવવી, ખાટાં કે તીખાં ઘચરકા, કાનનું પાકવું, પરૂ વ્હેવું, આંખો દુખવી, શરીરે સોજા આવવા, ઘા લાગવા, ઘસારા પડવા, હાથ પગમાં ચીરા પડવા. ઘાનુ પાકવું, ઘામાં જીવ પડવા, રાંઝણ, નાસુર, પીનસ, સુસ્તી, એચેની નબળાઇ, નામર્દાઇ. હરસ, પ્રમેહ, ચાંદી, વિસ્ફોટીક, બરોલ, અંડવૃદ્ધિ, પ્રદરરોગ, કોઇપણ જાતનો તાવ, વાળો, ન્હારૂ, વિગેરે અનેક રોગ આ એકજ દવાથી તત્કાલ દુર થાયછે, વળી ભમરી, મધમાખ, વીંછી, વિગેરેના ડંખ ઉપર આ એક જાદુઇ દવાછે. માંકડ, મચ્છર, વંદા, કરોળીયા, કસારી, ઉધેઇ વિગેરે નુકશાનકારક જંતુનો નાશ કરે છે.

સખતમાં સખત માથાનો દુખાવો માત્ર એકજ મીનીટમાં દુર થઇ જાય છે. માત્ર પેટની ઉપર ચોળવાથી પણ પેટમાંનો દુ:ખાવો મટી જાય છે. પવન છુટવા માંડે છે. અને બાદી-બદહજમી દુર થાય છે. દાંત અને દાઢનું કળતર એકજ મીનીટમાં શાંત પડી જાય છે. વીંછીના ડંખ ઉપર તો તેનો ચમત્કાર અલૌકીકજ છે. ઉંચામાં ઉંચી જાતનાં કેઇપણ પેનકીલર કરતાં અમૃતબિંદુ ઘણી ઉંચી જાતની દવા છે. વિલાયતી દવાની દરેક દુકાન ઉપર તે વેચાય છે. હાલમાં તેની ઘટાડેલી કીંમત માત્ર રૂ ૧ાા છે. પોષ્ટેજ માફ.

સીરનામું:— "અમૃતબિન્દુ" ઑફીસ—નડિઆદ.

શ્રી સતી ભક્ત

હોથલ પદમણી નાટકનો ટુંકસાર.

પ્રારંભમાં મંગળાચરણ

પ્ર. ૧ લો—ઈંદ્ર લોકમાં (સુનયના દેવાંગના) હોથલ–પદમણીનાં જ્ઞાન કથન, ઈંદ્રરાજનાં આશીષ વચન, મનુષ્ય લોકમાં વાસ કરી મોક્ષાધિકારી થવા માટે સતી ભક્ત હોથલ દેવીને ઈંદ્ર લોકથી વિદાયગીરી, દેવાંગનાઓની પ્રેમ ભક્તિ.

પ્ર. ૨ જો—સરસ્વતી કીનારે શીવાલયમાં સેવા કરતાં સાંગલસિંહ તથા સત્યવતીને પુત્રી રત્ન હોથલ દેવીની પ્રાપ્તિ, આકાશ વાટેથી દેવી હોથલનું મનુષ્ય લોકમાં આગમન, હાકમસિંહની હુંશીયારી, દેવી હોથલનો ચમત્કાર.

પ્ર. ૩ જો—કચ્છમાં કેરાકોટની કામાંધ પટરાણી હાંસીની ઓઢા પ્રત્યે પ્રેમ માગણી, નીતી બહાદુર ઓઢા તરફથી તીરસ્કાર ઓઢાજીનાં લગ્નની તૈયારી.

પ્ર. ૪ થો—કંથકોટમાં ઇચ્છાકુંવરની સખી ટબીનો પ્રપંચ, લગ્નની ખુશાલી.

પ્ર. ૫ મો—કંથકોટમાં ઓઢાજી સાથે ઇચ્છાકુંવરનાં લગ્ન, ટાચકા સાથે ટબીનાં લગ્ન, આનંદોત્સવ.

પ્ર. ૬ ઠો—જંગલમાં શીકારે નીકળેલ હાકમસિંહને દેવી હોથલ તરફથી મળતો જીવ–દયાનો ઉપદેશ, હોથલનું નગ્ર તરફ જવું બાદ બાંભણીયા બાદશાહના ક્રુર સરદાર કલ્લુખાનના પંજામાંથી હીરા કુંવરનો છુટકારો, હાકમસિંહની બહાદુરી, હાકમ હીરાનું પ્રેમબંધન

પ્ર. ૭ મો—કેરાકોટમાં હાંસી રાણીના રાજ મહેલમાં વરઘોડીયાંનું પગે લાગવા આવવું, પ્રપંચી દાસી ટબીના પ્રપંચથી ભોળવાઇ ઇચ્છાકુંવરનું ઓઢાને રૂપ બદલાવવાના વ્હેમમાં નાખી ચાલ્યા જવું, કામાંધ રાણી હાંસીની બીજીવાર પ્રેમ માગણી, નીતી બહાદુર ઓઢાજી તરફથી ફરી મળતો તીરસ્કાર, કામાંધ રાણીનાં કાવતરાં, જામહોથીજીનું ભોળપણું, ઓઢાને મળતો ૧૨ વર્ષનો દેશવટો.

પ્ર. ૮ મો—જામ હોથીજીના હજુરી ટાચકા તથા ભોજા ભાટની કાબરાના કબાલા વિષે થતી તકરાર.

પ્ર. ૯ મો—ઓઢાજીના મહેલમાં ઇચ્છાકુંવરના વેશમાં પ્રપંચી ટબીના પાપનો પ્રકાશ, ટાચકા ટબીની તકરાર, ઓઢાની ઉદારતા, અંતે નાતનું નાતમાં.

પ્ર. ૧૦ મો—રાજ બાગમાં પ્રપંચી ટબીના કહેવાથી વૃત ધારી રહેલ ઇચ્છાકુંવરને ઓઢાજીનો મેળાપ, ત્યાં હાંસી રાણીની દાસી મારફત પુનઃ પ્રેમ માગણી ઓઢાજી તરફથી અનાદર, ઇચ્છા સાથે ઓઢાજીનું દેશ પાર થવું, દાસ વર્ગની પ્રેમ લાગણી.

પ્ર. ૧૧ મો—જંગલમાં હીરાકુંવરની શોધમાં નીકળેલ પાટણપતિ વિશળદેવ વાઘેલાને હીરા તથા હાકમનો મેળાપ, ત્યાં છુપાએલ કુર કલુખાનની દગા ભરી લડાઇ અચાનક ઓઢાજીની બહાદુરી, મામા ભાણેજનો મેલાપ.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

પ્ર. ૧ લો—ટાચકાને ઘેર પ્રપંચી ટબીના કાલાવાલા, શહેરચર્ચા જોવા નીકળેલ હોથીજીનું ટબીના રૂપમાં લોભાવું, રાજમહેલમાં રહેવાનો હુકમ, ટાચકાને સેનાપતિની જગ્યા, ભોજા ભાટના કાબરાનો પ્રથમ કબાલો.

પ્ર. ૨ જો—પાટણમાં હાકમ હીરાના લગ્ન પ્રસંગે ભરાએલી રાજસભા દેવી હોથલ સાથે હાકમ તથા હીરાની સાંગલપુર જવા તૈયારી ઓઢાજી તથા દેવી હોથલની પ્રેમ દ્રષ્ટિ કચ્છમાંથી હાંસી રાણીનો પ્રપંચ પત્ર આવવાથી ઓઢાજી તથા ઇચ્છાનો વીસના રાણી તરફથી અનાદર, વીસળ દેવની ઉદારતા, વીસના રાણીનું રીસ કરી કચ્છમાં બ્હેન હાંસી રાણી પાસે ચાલ્યા જવું, બાંભણીઆ બાદશાહ સાથે લડાઇની ખબર સાંભળી લડાઇની તૈયારી.

પ્ર. ૩ જો—સાંગલપુર દરબારમાં દેવી હોથલના હાથે હાકમસિંહને થતો રાજ્યાભિષેક, દેવલોક થયલા પિતા સાંગલસિંહ પાસે કરેલી પ્રતિજ્ઞા પાળવા હોથલ દેવીનું બાંભણીયા શાહ સાથે યુદ્ધ કરવા જવું, તાજપોષીની ખુશાલીમાં નાચરંગ.

પ્ર. ૪ થો—જંગલમાં ઇચ્છાકુંવરને ગુપ્ત રાખી ઓઢજીનું મામા વિશળદેવની મદદે જવું, અચાનક એકલમલ (દેવી હોથલ)નો મેળાપ પરસ્પર થતી મિત્રતા એકલમલના રૂપની શંકા. પ્રેમોદ્ગાર એકલમલ (હોથલ) નો ચમત્કાર.

પ્ર. ૫ મો—ઓઢાજી તથા એકલમલની બહાદુરી, ક્રુર કતલુખાનનું મૃત્યુ, લડાઇ સમાધાન મહમદખાનની મશ્કરી ઓઢાજીની ઉદારતા, દેવી હોથલનું જુદા પડવું, ઓઢાની શંકાનું સમાધાન પદમણીનાં પગલાંની નીશાની જાણી ઓઢાજીનું દેવી હોથલની શોધમાં જવું.

પ્ર. ૬ ઠો—ઓઢાના વિયોગમાં અકળાતી ઇચ્છાને વીશળદેવનો મેલાપ પાટણ જવા આગ્રહ, સતિ ધર્મની દ્રઢતા, વિશળદેવનું વાસના રાણીને મનાવવા તથા હાંસી રાણીના પ્રપંચની પરીક્ષા કરવા કચ્છમાં જવું, ઇચ્છાકુંવરનું ઓઢાજીની શોધમાં જવું.

પ્ર. ૭ મો—ચક્રાસર તળાવમાં સ્નાન કરતી સુંદર હોથલ પદમણીના ઓઢાજીને દર્શન, જંગલમાં મંગલ, પરસ્પર પ્રેમી લગ્ન પ્રેમની બલીહારી.

પ્ર. ૮ મો—કેરાકોટમાં હાંસીના મહેલમાં મોટી બહેન વાસના રાણીનું મેમાન બની આવવું. પ્રેમાંધ હોથીજી તરફથી હાંસીરાણીનું મેમાન વાસના રાણીનું અપમાન ટબીરાણીનું માન.

પ્ર ૯ મો—ચોટીલો ડુંગર, હોથલ દેવીનો સુંદર આશ્રમ, બાળકુંવર જેસલ જખરાને ઝુલામાં ઝુલાવવાનો દમ્પતીનો થતો આનંદ ઇંદ્રલોક જેવાની ઓઢાજીની ઇચ્છા હોથલ દેવીનો ચમત્કાર સ્થળનું બદલાવું. ઓઢાજીની શોધમાં નીકળેલ ઇચ્છાકુંવરનું જેસલ જખરાને જોઇ પોતાના જાણી સાથે લઇ ચાલ્યા જવું ઇંદ્રલોકમાં ઓઢાજી તથા હોથલદેવીના ધર્મનાં વખાણ, પુનઃસ્થળનું બદલાવું, બાળકુંવરો શોધમાં બંનેનું જવું.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—જામ હોથીજીના નીચ હજુરી ટાચકાની હલકાઇ.

પ્ર. ૨ જો.—જયપુરના કીલ્લા બહાર પ્રજાને પીડા કરતો ભયંકર વાઘ, દેવી હોથલના બહાદુર કુમાર જેસલ જખરાને હાથે વાઘનું મૃત્યુ કદરદાન જયરાજ રાજાની ઉદારતા, બહાદુરીનો બદલો, જેસલ સાથે ચંદાકુમારી, જખરા સાથે વૃંદાકુમારીના

લગ્નની તૈયારી, જેસલ તથા જખરો કુમાર જયરાજ રાજાને ત્યાં રાખી સતી ઇચ્છાનુ ઓઢાજીની શોધમાં જવું.

પ્ર. ૩ જો—આબુજીની તલાટીમાં પતિ તથા પુત્રના વિયોગે રીબાતા કલિયુગના અધર્મથી કચવાતાં સતી દેવી હોથલને શ્રી હરિનાં દર્શન, આકાશવાણીથી મળતી વચનસીદ્ધી, ઓઢાજીને સતી પ્રતાપે હરિદર્શન અચાનક ઇચ્છાકુંવરનો મેળાપ સર્વેનું જયપુર જવું.

પ્ર. ૪ થો—જેસલ, ચંદા તથા જખરો, વૃંદાના લગ્નનો આનંદ રીશામણાં, મનામણાં, પ્રેમી જોડાનો પ્રેમ વિનોદ, ઓઢા હોથલને બાળકોનો મેળાપ, ૧૨ વર્ષનો દેશવટો પુરો થતાં સહકુટુંબ ઓઢાજીનું કચ્છ પ્રયાણ.

પ્ર. ૫ મો—નીચ હજુરી ટાચકાની બીજી વાર ફજેતી, ભોજાભાટના કાબરા બેલનો બીજો કબાલો, ઓઢાજીના કુટુંબનો ભોજા ભાટને ત્યાં ઉતારો, ઓઢાજીનું મોટાભાઇને મળવા જવું. દેવી હોથલને ગુપ્ત રહેવા ઓઢાજીનું વચત પ્રેમી જોડાનું પ્રેમકથન.

પ્ર. ૬ ઠો—હાંસીરાણીના સ્વપ્નાનો બકવાદ, પાપનો પ્રકાશ, જામ હોથીજી તથા વાસનારાણીની રીસ, નિર્દોષ ભાઇને પ્રપંચથી કલંકીત બનાવનાર હાંસીરાણીને જામ હોથીજી તરફથી મળતી કેદ છુપા વેશમાં રાજા વિશળદેવ વાસના રાણીની રીસનો ત્યાગ, રાજા રાણીનો અનુરાગ.

પ્ર. ૭ મો—નીચ ટબી તથા ટાચકાનાં કાવતરાં, ચતુર વીશલદેવને હાથે થતો જામ હોથીજીનો બચાવ, પાપી જમાદાર તથા ટબીનું મૃત્યુ, ટાચકાને વીચીત્ર શિક્ષા, પાપીઓને મળતાં પાપનાં ફળ, જામ હોથીનો પસ્તાવો, બહાદુર ઓઢાનું નીર્દોષપણું જાહેરમાં, ઉદાર ઓઢાજી તરફથી હાંસી રાણીને કેદમાંથી છુટકા.

રો, અપકારી પર ઉપકાર, કુમારોને પોતાનું નામ પુછતાં જામ હોથીજી તથા હાંસીનું અપમાન, ભલા ભાઇ ઉપર હાંસીરાણીનાં પ્રપંચથી બીજીવાર નવી શંકા, જામ હોથીજી ઓઢાજીનાં રાણી (હોથલ દેવી) નું નામ જાણવાનું કામ દીવાનને સોંપેછે.

પ્ર. ૮ મો– દીવાનને ઘેર દીવાનની સ્ત્રી યુક્તિથી ઓઢાજી મારફત હોથલદેવીનું નામ જાણી જાહેર કરે છે, ચમત્કારી દેવી હોથલનાં દર્શન કરવાની ગોઠવણ.

પ્ર. ૯ મો—ઓઢાજીના મહેલમાં હોથલદેવીનાં દર્શન માટે સહુ આવે છે, ઓઢાજીએ દીવાનને ઘેર ભુલમાં વચન ભંગ કરી હોથલ. દેવીને જાહેર કર્યા તેથી હોથલ દેવીને થતી રીસ, પુત્રવધુ ચંદા તથા વૃંદાની માગણીથી તમારા લગ્ન જેવી ધામધુમ રચાશે ત્યારે પોંખવા આવીશ અને માગશો તે આપીશ, એમ કહી હોથલ દેવીનું ચાલ્યા જવું, ઓઢાજીને થતો પશ્ચાતાપ, પ્રેમદાનો પત્ર, પુત્રવધુઓનાં ધીરજનાં વચન, ઓઢાને થતી ખુશાલી, લગ્ન જેવી ધામધુમની તઇયારી, પ્રેમી જોડાંના પ્રેમોદ્દગાર.

પ્ર. ૧૦ મો—કેરાકોટના રાજભુવનમાં જેસલ ચંદા તથા જખરો વૃંદાના લગ્નની ખુશાલી, પુત્રવધુઓને પોંખવાનું વચન પાળવા માટે દેવી હોથલનું આવવું, ગુપ્ત દર્શન, પ્રગટ દર્શન, જીંદગી પર્યંત સાથે રહેવાંની પુત્ર વધુઓની પ્રેમ માગણીનો સ્વીકાર, ઓઢાજી તથા સર્વને થતો આનંદ, દેવી હોથલનાં સર્વને આશીર્ષ વચન, ભક્ત ઓઢાજીની માગણીથી અને બીજાં સુધર્મનાં ઉત્તમ ફળ, સતી ભક્તિ વિજયના ધ્વની સાથે પ્રયોગનું સમાપ્ત થવું.

અંક ત્રીજો સમાપ્ત.

ॐ શાન્તિઃ ॐ શાન્તિઃ

હોથલ પદમણી નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો

ઇંદ્ર—દેવધાનીનો રાજા.

જામહોથીજી—પ્રસિદ્ધ કચ્છ દેશમાં કેરાકોટનો રાજા.

જામઓઢાજી—તેનો નાનો ભાઇ.

જેસલ
જખરો } જામ ઓઢાજીના કુંવરો

વીશળદેવ—સીદ્ધપુર પાટણનો રાજા જામઓઢાજીનો મામો.

સાંગલસિંહ—પાટણથી વીશકોશપર આવેલા સાંગલપુરનો રાજા.

હાકુમસિંહ—સાંગલસિંહનો કુંવર સતી હોથલનો ભાઇ.

અજમલ—કચ્છમાં કંથકોટનો રાજા ઓઢાજીનો સસરો.

કત્લુખાન—અહમદનગર (અમદાવાદ)ના બાભણીયાશાહનો સરદાર.

જયરાજ—જયપુરનો રાજા.

વિજયસિંહ—તેનો નાનો ભાઇ.

રાયકો—જામહોથીજીનો નીચ હજુરી.

સોજો—જામહોથીજીનો નીમકહલાલ બારોટ.

કાલુખાં—જામ હોથીજીનો નીચ જમાદાર.

૧૯૩૫

સ્ત્રી પાત્રો.

હોથલ પદ્મણી—જામઓઢાજીની ધર્મપત્ની દેવાંગના અવતાર

રંભા ઉર્વશી મેનકા	ઇંદ્રની અપ્સરાઓ.

સત્યવતી—સાંગલસિંહની રાણી, સતી હોથલની માતા.

હાંસીરાણી—જામહોથીજીનો રાણી.

ઇચ્છાકુંવર—જામઓઢાજીની ધર્મપત્ની, રાજા અજમલની કુંવરી.

હીરાકુંવર—હાકમસિંહની ધર્મપત્ની વીશળદેવની કુંવરી.

વાસના—વીશળદેવની રાણી હીરાકુંવરની માતા.

ચંદ્રા	જયરાજની કુંવરી જેસલ કુમારની પત્ની.
વૃંદા	વિજયસિંહની કુંવરી જખરા કુંમારની પત્ની.

રખી—ઇચ્છાકુંવરના સખી ટાચકાની પ્રપંચી સ્ત્રી.

સિવાય-ત્રીદેવ, સુર્ય, દેવસભા, દરબાર, વારાંગનાઓ દાસદાસીઓ, સાધુ, બ્રાહ્મણો વિગેરે વિગેરે.

શ્રી ગણેશાયનમઃ

શ્રી સતી ભક્ત

લોચલ પદ્મણી નાટકનાં

ગાયનો.

અંક ૧ લો.

અપ્સરાઓ— મંગલાચરણ.

રસીક રામ કૃષ્ણ ગોવિંદ ગીરધારી,
લીલા વિસ્તારિ ઘટઘટ બહુ નામી ભારી
સુખકારી દુઃખહારી, પ્યારી, સારી, ન્યારી...રસીક.
જે જહાનમાં સુકામ કરતા
પ્રેમથી તમારૂં ધ્યાન ધરતા,
સત્યધામ, સુખ ઠામ હરતા;
સેવક ભાણુ ચહે કલ્યાણુ, દુનિયા સઘળી દેજો તારી,
અર્જ પ્યારી સ્વીકારી, શ્રીધારી...............રસીક.

લોચલપદ્મણી— ૨

તનમાં મનમાં ધુન તારી લાગી સારી હાં.
ધીંગા ધણી શ્રીધારી સુંદર ....તનમાં
સતી અને સતીયા થઇ નારી નર,
પ્રભુ તુજ સેવા પામે સુખકર.
દિન દાસી તણી જાણી આ ....મીઠી વાણી.
આશા પુરી કરજો પ્યારી હાં ....તનમાં.

હોથલ— ૩

નથી અમર કંઇ નાથ અંતમાં પ્રલય સાથ સઉ મળવાનું
લુણ પાણીમાં ગળે તેમ સૌ સત્ય તત્વમાં ભળવાનું
ત્રણ કાળ જગ મીથ્યા તોયે ભ્રમ ન દુર કોઇ કરવાનું,
લાલચમાં લપટાઇ જીવને.......લાખ ચોરાશી ફરવાનું
સાધન ભક્તિ નાવ ભલું છે સંસ્રૃતી સાગર તરવાનું....ટેક

અપ્સરાઓ— ૪

શ્રીકમળા વર સાથે વરીએ, તનમનધન સઉ અર્પણ કરીએ
રસના દીધી ગુણ ગાવા, ચરણો તીરથમાં જાવા,
હાથ શુભ દાનો કરવા, આંખ દર્શનથી ઠરવા
એ જાણી શાણી જનમ, સફલ કરીએ,
વ્હેલાં જનમ સફલ કરીએ,............. ....શ્રી

સાંગલસિંહ–સત્યવતી
હાકમસિંહ–જુવાનસિંહ
જોરાવરસિંહ–હોથલ ૫

દેવના દેવ મહાદેવ ઉમીયા વરા,
શરણમાં શંકરા, રાખજો ઇશ્વરા.
દેત્રી હોથલ મળી, શુદ્ધ સેવા ફળી,
છો સદા સુખકર, પરમ પરમેશ્વરા.

હાંસીરાણી— ૬

આજ મારા દીલમાં થાયે કાંઇ કાંઇ,
અલબેલા ઓઢાને જોતાં લોભાઇ...............આજ.
મીઠી મુરત રહી આંખમાં સમાઇ.
પ્રીતીનું પાન કરી લેખું સવાઇ........... ..આજ.

હાંસીરાણી— ૭

પ્રેમની પ્યારી હું દાસી હુલાસી, ને આજ કરી ગયો
ઓઢો ઉદાસી,
હાં હાં હાં હાં.................. .....થઇ મુજ હાંસી
હજી માને તો, બનીશ દાસી,
નહિં તો કઢાવું કાં અપાવું ફાંશી.
હાં હાં હાં તો હું સાચીજ હાંસી ....

૯ ઇચ્છાકુંવર-ટબાં-સખીઓ— ૮

સરખી સઇયર મળી ગીત રૂડાં ગાઇએ,
આવો લગનનો લ્હાવ લેવા લેવા. (૪)
આપણી બાઇના સ્વામી ઓઢાજી,
રૂપાળા કામદેવના જેવા જેવા. (૪)
મંડપમાં મન ભાવે તેવી,
લાગશે બહુ ધામ ધુમ થાવા થાવા. (૪)
લચપચતી લાપસી જોતાં જાનઇયા,
માંડશે ઉતાવળા ખુબ ખાવા ખાવા. (૪)
ટાચકા સાથે પરણે ટબી બાઇ,
બોલોને બાઈ સહુ ઠીક વાડુવા વાડુવા. (૪)

[illegible]ાગ્યા —

ઝગરે મગીયાના જામા સીવડાવો,
લીલા ગજના વાઘા;
વાઘા વારીવારી પ્હેરોરે ટાચકા ભાઇ. (૨)
માતાના મન મોહશે,
માતા મધુરી ગાઇ આણી કોરે જોશે;
પેલી કોરે જોશે લાગી લાળા મો સામું જોશે,

હોથલ-હાકમસિંહ— ૧૦

હાકમ વીરા હરણાં નહ મારીએ રે
જગના સઉ જીવો પોતા સમ ધારીએ રે.
જે કાયાના પોષણ કારણ, જીવ અનેક સંહારે રે.....જી
તે કાયા તો પડશે પલમાં, પાપ પુન્ય સંગ ચાલે રે...જી
હોથલ દેવી સમજણ એવી, જે જન મનમાં ધારે રે...જી
ભાણ ઉદય સુંદર સુખ થાતાં જય પામે સંસારે

હીરાકુંવર— ૧૧

મુને અપરાધ વિણ ના માર નાની બાળ હું
જગ કરનારનો ડર ધાર નિરાધાર હું
પુછશે સાહેબને દરબાર
જમના જબરા પડશે માર એ વિચાર તું...ટેક૦
બંદગી માટે દીધો અવતાર
એ માલિકનો ઉપકાર ના વિસાર તું.....ટેક૦

હાકમસિંહ-હીરાકુંવર— ૧૨

પ્યારી કહીને બોલાવો મને પ્રેમથી રે
અચાનક આવી રાજવી આંહીં
લીધી બચાવી મુને રંગ છે રે......
સુઘડ નાર દિલમાં ધાર ધિરજ સઉ સારૂં થાશે
પ્રીતમ પ્યાર જોઈ આધાર દાસી દિલના દુઃખ જાશે
દ્યો કોલ સુભટ પ્યારા લ્યો અલબેલી બાળા
પ્યારી તારી પ્રીતી સાચી વાહવા રંગ છે...સુઘડ૦

ઓઢાજી-હીરાકુંવર— ૧૩

મારા મોહન મુકી દ્યો છેડો જાવા દો નહી બોલું

પ્રિયા પરાણે ઘુંઘટપટ ખોલું
લ્હેરી લાલા આજ લાજ નહિ છોડું
સલુણી નીર તીર તરસ્યા નહિ રહેવાય
સલુણા તીર તજી નીર નહિ ભાગી જાય
ધિર ધરો મારા ભગવાન
મધુરી જા રાખી મારૂં માન
પા તું સુખે મીઠે મુખે પ્રીતી રસપાન

ઓઢાજી—હાંસીરાણી — ૧૪

મુને લગની ઓઢા તારી લાગી તુને જોતાં પ્રીતી ઉર જાગી
મુકી દે લવારી દુરાચારી નારી (૨)......લગની
રાણી કસ્તુરી ગણી પરણ્યો મારો ભ્રાત
પણ દુરગંધી ડુંગળી નિવડી તું કમજાત
સુગંધ કે દુરગંધને શું જાણે તું બાળ
ગુલાબ વેલી ગુણ ભરી લે તું લીજત લાલ
દુર થા તું અવિચારી ધીક ધીક વ્યભિચારી
આપે તું ધ્રીકાર પણ આવે મુને પ્યાર...લગની૦

[illegible], હાંસી, ઓઢાજી—૧૫

ધીક ધીક દુરાચારી ભાઇ તુંને
વિણ અપરાધે તજો ભાઇ મુને
ક્રુર નારી છે આ ભારી
જા જા મુકી દે લવારી ખુમારીને......ધીક૦
ભામનીને રે ભરોસે કઇક ભુલે કઇક ડુલે
લુચ્ચા તમે...કહીએ અમે...છો લાખ વાર
જુઠાને કોણ માને પસ્તાશો...કાચ્ચા કાને

ચુપ થાને દુર જાને....તેં ભમાવ્યા રે ભલાને ..ધીક૦

દાયદો, ભોજો— ૧૬

ઘડું તારો ઘાટ ભોજા ભાટ હવે દોસ્તી ગઇ,
તારે ને મારે દોસ્તી ગઈ...(૨).
કરી ધોળે દી લુંટ,
થાવી છે માથાકુટ,
ખતા ખાશો અખુટ,
ભલેને માથું કુટ
ઝટ ચુકાવી દે વાયદો,
દબાવે નહિ કાઢીશ તું ફાયદો.
જા જા જડશે જોડા,
ચુપ કર તું ગોલા
પુરા ચુકાવું કબાલા ઠગારા ધુતારા,
વળી તે માથે લહું વ્યાજ........

ઓઢો, ઇચ્છા, દાસ વર્ગ— ૧૭

સુંદર દરશન કરવાને તલપી રહે શું મળવાને...
જન મન આનંદ ભરવાને વ્હેલા આવજો...
વ્હાલા ઓઢાજી રાજ વ્હેલા આવજો...
કરવા રૂપાળાં કાજ વ્હેલા આવજો...
રામ ભરૂસો રાખો સરવે કારજ સરવાને...
પ્રણામ છે પ્રેમી જન કહીએ ધીરજ ધરવાને...
જન મન આનંદ ભરવાને વ્હેલા આવજો ..

ટેબલો.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

હાકમસિંહ, હીરાકુંવર— ૧૮

લગાડી મોહની ભારી, બનાવી પ્રેમથી પ્યારી,
રસીલી આંખ આ તારી, ઇસારે મોહ કરનારી,
દીએ તું દોષ કાં ખાલી, મોહના મંત્ર ભણનારી,
કટારી પ્રેમની મારી, કરૂં ફરીઆદ પોકારી,
ચતુરાં ચુપ કર વ્હાલી, બંને ઘાયલ થયાં ભારી,
રૂઝાવો ઘા તમે નારી, લગાડી રામરસ પ્યારી...લગાડી.

વીશળદેવ, વાસના,
ઓટોજી, ઇચ્છાકુંવર— ૧૯

રંગ રૂપમાં રંભા જેવી દીલમાં કઠણ અપાર,
કામની સત કોટી ધીઃકાર કામની સત કોટી ધીઃકાર.
ગરમ પાણીથી ઘર નહિ બળશે, વડીલ તજો તકરાર...
............વીનવીએ વડીલ તજો તકરાર..............
મીઠું બોલી ખાશે ફોલી આવા જન બાચાળ..........
.........................જગતમાં આવા જન વાચાળ.
બસ કર તારી બંધ લવારી, શું સમજે તું સાર......
..........ધરમને શું સમજે તું સાર...........રંગ.
જે બકરી જાતીમાં જોઇએ તે સિંહને દરબાર.........
......પ્રભુ ઉર ધારી પતિવ્રત પાળી, સફળ કરે સંસાર...
............નાર એ નર ઘરનો શણગાર..........રંગ.

દરબારી વારાંગનાઓ— ૨૦

રાજા હાકમસિંહ રાજ કરો કોટી વર્ષ

પામે પ્રજા જન પુર્ણ હર્ષ........
હો વિજય સદા વિજય ....રાજા
દેવ દરબાર સમ, આઠે જામ ધામધુમ.
થા...યે. ગા...યે, પ્રે...મે, પ્યારા...જન હરધમ...રાજા૦
ધીકટ ધીકટ ધુમી કીટ ધીતા કીટ
કીટી તક દીધી ગીન ધાધા......(૩).....રાજા૦

ઓઠે.જી, ઇચ્છાકુંવર - ૨૧

વિભુ વિભુ સુખે તમને સમર મહિ
વિજય અપાવો વ્હાલા, થાઉં સુભાગી દાસી,
સુખ ભંડાર, તું સતી નાર, સુરવીર હું,
ડર કાંઈ ફીકર નહિ... ... ... ટેક૦
તન મન ધને, પ્રીય ધર્મ જેને,
સત્ય દેવ કરે સહાય સદા તેને
પ્રીતમ પધારો આજ, કરો ધર્મનું કાજ
જપી નાથ નામ સુખે રહીશ અહીં...ટેક૦
પ્રભુ ભજતાં જોબન ગયું ધન ગયું દેતાં દાન,
પ્રાણ ગયા સમરાંગણે, ત્રણે ગયાં ન જાણુ...ટેક૦

ઓઢા, હોથલ (એકલમલ)—૨૨

વાહ વાહ પ્રેમી પુરા બળવાન છો,
જોયા જેવા સુભાગી જુવાન છો;
અરે હાં.......................બધી દુનિયામાં દીઠા૦
એકલમલના સાચા.............
ઓઢા મિત્ર સુજાણ ... .
સંગતને રંગે શોભાવજો... ...

ચેરા આ ચમકે છે, દીલ જોઇ દમકે છે,
વાર વાર પ્યારથી,
ગોરા ગાલો ને આંખો, અણીયારી, તમારી,
અપાર...સાર...નવા...પુરૂષ અવતાર છો...વાહ૦
અરે હાં.................
સંગતને રંગે શોભાવજો...મહેરબાન,
પ્રીતીને પુરી નીભાવજો......વાહરે વાહ૦
સુખભાણુ છો, પ્રેમ ખાણુ છો,
ચાલો ચાલો દોસ્ત મળી કરીએ સફળ કામ...વાહ૦

ઇચ્છાકુંવર— ૨૩

પ્રાણ થકી તુજ પ્યારીરે ઓઢા તેં શું વિસારીરે.
દઈ દીલાસો ભારીરે ભ્રમર ગયો કઇ વાડીરે......
હું કમળના પ્રીત પરાગને મેલી,
ભોળા ચમરા અવર ગમી રસ વેલી,
જો કરે કીરતાર રે...મુને...પાંખથી ઉડનાર રે
તો વેગે ગોતી ભેટ લહું તારી............ટેક૦

ઇચ્છાકુંવર— ૨૪

પ્રાણ પ્યારા તારા નામની જપું માળા (૨)
હૃદય મંદીર રાખી મુર્તી રસીલી વ્હાલા......પ્રાણ૦
નહોતું જાણ્યું મેં નાથ રહેશો તમે ન્યારા,
છોડી અકેલી દીન દારા.....
રામ એક આધારે હવે તો મારા......પ્રાણ૦

આઢોજી, હોથલ— ૨૫

આવો આવો શ્યામ સુંદર, આજ થયા સ્વામી મારા,

પુજું પુજું પાય ચતુર, આપના સુભાગી પ્યારા,
પદ્મણી પ્રેમના પ્યાલા, પીઉ રહી સંગ તારા,
ધન ધન ભાગ્ય મારાં, પામ્યો દીલદાર દારા,
લગન કરી રૂપાળાં લગન લગાડી લાલા,
મગન બનાવી વ્હાલા, નહિ કદી રહેશો ન્યારા…આજ૦
જો આપણા જેવાં બને, પ્રેમી નર ને નાર,
રામ દયા રાખે સદા, સુખ પામે સંસાર……..ટેક૦

હોથીજી, હાંસી, વાસના, ટબી—૨૬
આ અમૃતવેલી મેલી, નહિ ચાહું તું વિષ વેલી,
મેં ભોળે ભુલ કરેલી રસ વીણુ તુજને ચાહેલી,
આવી મળી રસની રેલી, હવે કેમ દઉં હડસેલી,
પરનારી સાથે પ્રીતી, એ છોડો છેક અનીતી
પીધે અમૃત નહિ વિષ થાયે, જા રાજન મેલી ધુતી.
રાજન આ દીલ હવેલી, રંગે રમશે સુખ કેલી,
શું જાણે ખાખર ખીસખોલી, સાકરના રસને ઘેલી.

અંક બીજો સમાપ્ત. ટેબ્લો.

અંક ત્રીજો.

હોથલ— ૨૭
કેવો કઠણ કળીકાળ, મરજી મુજબ સહુ ચાલે,
નહિ ધર્મની દરકાર વૈભવ ખોટા મ્હાલે,
જોગી જનો ધનધામ સંભાળે, પતિવ્રત નારી કોઇ કોઇ પાળે.
વિધવાઓ ભારે શણગાર સુંદર ધારે…………
…………નર વાનર રોજ રમાડે—ટેક૦

પાપ કરે અવતાર બગાડે શોક વિયોગ સહે સંસારે,
કૌતક ભારે જોઇ ત્રાસ બહુ મન મારે,
........ત્રીકમ છું શરણે તારેરે—ટેક૦

(આકાશ વાણી) ૨૮

સાખી–દેવી મુજ દરશન થશે, હરણુ તીમીર સંસાર,
તુજ મનની ઈચ્છા બધી સફળ થશે તે વાર.

ઓઢા, હોથલ— ૨૯

છોડી દીલ મમતા, ઓઢા કરીએ ભજન,
સમતા રાખી પહોંચશું, આપણુ અસલ વતન (૩)—ટેક૦
બ્રહ્મ સુરજથી જીવ કીરણુ સઉ, લાખ ચોરાશી ઘટ વસીયા.
રસીયા ફસીઆ લાલચે, ખોટાં કરે રે ચમન (૩)—ટેક૦
ખડમાકડી ત્રણુ બદલાવે તેમ દેહ કરણી સમ ધરતા,
ડરતા ફરતા કાળથી જુઠાં કરે રે જતન (૩) ટેક
હોથલ હરિના દાસ તણી હું દાસ બની કરૂં વિનતી
ભક્તિ કરતાં ભાવથી ભેટે ભાણુ જીવન
વાહલા પામ્યો દરશન ભાવે હરિ દરશન... . ટેક

ઓઢા–હોથલ–ઇચ્છા— ૩૦

ચાલો ચાલો પીયુજી જમો પ્રીત પકવાન
આજ ભેટયા અમો રંકને ભગવાન
દીએ સોનાનાં દાન તેને મળે સ્વર્ગ માન
ધરે ભકિતમાં ધ્યાન મળે ત્રીભુવનમાં માન
સવ વાતે પુરા સ્વામી અમારા
આનંદ પામું છું સંગે તમારા
પ્રીતનાં કરીને પાન..........
સદા રહો ગુલતાન...... ...ચાલો૦

ચંદ્રા, વૃંદા, સખીઓ— ૩૧

સાહેબાજીરે આવ્યા સખી આજ મારા બાગમાં
..........લીલા લવીંગડા વાવશુંજીરે.......ટેક૦
વાવશુંજીરે વાડીના વડ હેઠરે
..........લીલા લવીંગડા વાવશુંજીરે... ટેક૦
ઉતારા દેશું ઓરડાજીરે દાતણ દેશું દાડમી જીરે
સોના રૂપાની કુડીયુંજીરે નીર ભરી ન્હાવા આપશુંજીરે ..ટેક
ઘેવરીઓ કંસાર ભાણે ભરીને પ્રીતમને પ્રેમ જમાડશુંજીરે
પચાસ પાન સોપરી ધરીને મુખવાસ એલચી આપશુંજીરે
હેમના પલંગે હેડે દબાવીને પ્રીતમને પોઢવા આપશુંજીરે
રાત અજવાળી રૂડી પૂનમની રસીયાને રંગે રીઝાવશુંજીરે

જેસલ, ચંદ્રા, જબરો, વૃંદા— ૩૨

આજ વાંધો પતાવો ચતુર વ્હાલા
ત્યારે તમથી અમો બોલશું લાલા
નર નારમાં કોણ શ્રેષ્ટ છે,
ઘર કાર્યમાં નાર શ્રેષ્ટ છે,
જગ વ્હેવારમાં નર શ્રેષ્ટ જો,
એતો સરખે સરખાં થયાં એમાં ઉત્તમ કોણ ગણાય
એક વાતે નાર શ્રેષ્ટ જેથી રતન પુરૂષ થાય
અરે વાહવાજી વાહવાજી સાહેબા સલુણાજી
સમજો છો સર્વે પુરા છો સુજાણ........

(હજુ બોલો કંઇ બોલો).

શું નહિ અબલા કરી શકે શું ન સમુદ્ર સમાય
શું નહિ અગ્નિમાં બળે શું ન કાલ જગ ખાય
સુત નવ અબલા કરી શકે મન ન સમુદ્ર સમાય
કીર્તી ન અગ્નિમાં બળે ધર્મ કાલ નવ ખાય

હવે વાંધો પતાવી લીધાં છે મનાવી
પ્રીતીમાં ફસાઇ કરો પ્રીત પાન

ચંદા, વૃંદા, હોથલ, ઇચ્છા— ૩૩

સાસુજી પગ સેવા કરશું લેવા સુંદર મેવા
લેવા સુંદર મેવા હરધમ દીલમાં રાજી રહેવા
દેવી દુનિયામાં છો આવ્યાં દિન જન તારી દેવા
આપ કુંવર છો નાથ અમારા ઇંદ્રાણી વર જેવા...
અમૃત જેવા બોલો લાગે સુણતા કાને એવા
રામ દયાથી પુત્ર પ્રેમદા મલશે મોંઘા મેવા......

જેસલ, ચંદા, જખરો, વૃંદા— ૩૪

સાહેબાજી રે રૂડા ઉતારા આપો,
પંખી અમે પરદેશના જીરે........
આવીયાં જીરે ચાખવા પ્રેમની શાખો
આજે તમારા દેશમાં જીરે.........
આ ભવ રસ ભર ફુલને પામી
ભવ ભવ લેવા આવશું જીરે
દેશ અમારો રસભર આખો રસના પ્યાલા પાશું જીરે
રશીયા રાજી થાશું જીરે ગુણ પ્રભુના ગાશું જીરે...સા૦

હાથીજી— ૩૫

રાણી તેં લજાવી આખર જાતી નારીને
જાણી મેં ધરમી પ્રથમ તું ધુતારીને
એક નારી એવી થાય જગતને તારી જાય
એક નારી બતાવે નરક બારીને
હજારો ધીકાર તારા જેવી એવી નારી નેટ...
ભુલમાં મને ભમાવ્યો ભાઈ ઓઢાને તજાવ્યો

વિના વાંકે ગયો ઘરમી દુભાઇને
હવે હરિ મેલાવે તો મળું ધ્યારા ભાઇને

વિશાળદેવ, વાસના— ૩૬
મુને તપતીને તાવી છાના છાના આવી
ભુલાવી બનાવી સતાવી તમે......
શુદ્ધ સોનું સોનાર ભલે તાવે લાખ વાર
તોય ચોખું તે ચોખું દુનિયાને ગમે......
જેની પતિવૃતા નાર તેનો ધન્ય અવતાર
તારા જેવી ઘર લક્ષ્મી દુનિયાને ગમે......

જેસલ, ચંદા, જખરો, વૃંદા— ૩૮
રાજી રહીએ સંગતમાં રે, રસીયા રાજકુમાર છો
અબળાના આધાર છો હૈયા કેરા હાર છો
કામણ કીધાં લુંટી લીધાં દીલ હવે દીલદાર છો
શીર તણા સરદાર છો, ભાવદયા ભંડાર છો...અબ૦
ચાતુર ચંદા, મનહર વૃંદા નાજુક નમણાં નાર છો
સુંદરી સુખના સાર છો પ્રીતી પાલણહાર છો...અ૦
હોથલ દેવી પધારશે આજ પોંખવા કાજ
મોઢે માગ્યું પામશું રામ દયા સુખ સાજ...ચાતુર૦

સર્વે પાત્રો— ૩૮
જય જય હોથલ દેવી સાચાં સુંદર સતી મણી
સૃષ્ટીમાં વિસ્તારી પ્રેમે કીરતી ઘણી......જય૦
ધારી દ્રઢ ભકિત દીવા તારી બહુ જન આવી ધરણી
સુખ ભાણુ ઉદય થયો પ્રભુ કૃપાથી પદ્મણી...જય૦

शान्तिः शान्तिः शान्तिः

વગર ઇજાએ વાળ કાઢવા માટે.

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.

બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે. કાળી પડતી નથી

બાદશાહી સાબુ—હીંદુસ્તાનમાં હજારો દુકાનોપર મળે છે.

બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.

બાદશાહી સાબુ—ચામડીનાં તમામ દર્દ નાબુદ કરે છે.

બાદશાહી સાબુ—હર હપતે વાપરવાથી નુકસાન થતુજ નથી.

બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે

બાદશાહી સાબુ—ત્રણ સાબુના બોકસ એકનો રૂ.૧) પો. ચાર આના

હીંદુસ્તાનમાં જગે જગે વેચાવા માટે એજન્ટો જોઇએ છે.

સફેદ વાળ કાળા કરવા માટે.

બાદશાહી હેરડાઇ.

આ ખીજાબ એકજ વખત લગાડવાથી સફેદ વાળ કાળા કુદરતી રંગ જેવાજ થાય છે. અને મહીનાના મહીનાઓ સુધી કાળા રગના માલુમ પડે છે. બાદશાહી હેરડાઇથી લાલ પીળા રંગના વાળ નહી થતાં અસલ કાળા સુંવાળા વાળ થાય છે.

કીંમત બાટલી એકના રૂા ૦—૧૨—૦ પોસ્ટેજ જુદુ.

,, ,, ત્રણના રૂા ૨—૦—૦ ,, ,,

સર્વે જાતનો માલ મળવાનું ઠેકાણું.

સી સી મહાજન એન્ડ કું. શેખમેમણ સ્ટ્રીટ મુંબઇ.